વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણ દેવની
સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૮, અંક : ૭, જુલાઈ - ૨૦૧૭










**વડતાલધામ ગુરૂપૂર્ણિમા મહોત્સવ (૨૦૧૭) પ્રસંગે**
**વિનામૂલ્યે સારવાર આપતી**
**શ્રી સ્વામિનારાયણ હોસ્પિટલ ઉદ્‌ઘાટન કરી રહેલા**
**પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**
**તથા માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**
**એવં વરિષ્ઠ સંતો.**





(૧) **સાધલી (શિનોર)** મુકામે પૂ.ગોવિંદ સ્વામી દ્વારા આયોજીત **નૂતન મંદિર ખાતમુહૂર્ત** પ્રસંગે ઉપસ્થિત પૂ.સરજુદાસ સ્વામી - ભરૂચ, ટ્રસ્ટીશ્રી પા.ઘનશ્યામભગત, પૂ.નારાયણચરણ સ્વામી - બુધેજ, સંતો તથા ભક્તો. તા.૧૭/૫/૨૦૧૭ (૨) **આદરુજ (તારાપુર)** મુકામે પૂ.બાલકૃષ્ણ સ્વામી - મેતપુરવાળાની પ્રેરણાથી **નૂતન મંદિર ખાતમુહૂર્ત** પ્રસંગે ઉપસ્થિત ટ્રસ્ટીશ્રી પા.ઘનશ્યામભગત, પૂ.નારાયણચરણ સ્વામી - બુધેજ, પૂ.જયેન્દ્ર સ્વામી -વડતાલ વગેરે સંતો તથા ભક્તો. તા.૨૨/૫/૨૦૧૭













**સુરત-રામપુરા** મુકામે શ્રી સ્વા.બાળધૂન મંડળ (મેતપુર)ના **સુવર્ણ જયંતિ મહોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.લાલજી મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.રઘુનંદન સ્વામી-કતારગામ,ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.બાલકૃષ્ણ સ્વામી-મેતપુરવાળા, પૂ.ગોવિંદ સ્વામી-મેતપુરવાળા, પૂ.નારાયણ સ્વામી-ઉધના, પૂ.હરિજીવન સ્વામી-રામપુરાવગેરે પૂ.સંતો તથા શ્રી લાલજીભાઈ પટેલ - ઉગામેડી (ધર્મનંદન ડાયમંડ-સુરત), શ્રી ધનજીભાઈ-અકાળાવાળા, શ્રી ગણેશભાઈ ટ્રસ્ટીશ્રી - વડતાલ,શ્રી શંભુભાઈ





**સાળંગપુરધામ** મુકામે પૂ.કો.શ્રી વિષ્ણુપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત **ભવ્ય ફળોત્સવ, મારૂતીયજ્ઞ** પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.હરિપ્રકાશ સ્વામી, પૂ.વિવેકસાગર સ્વામી વગેરે સંતો, યજમાન પરિવાર એવં ભક્તજનો. તા.૫/૬/૨૦૧૭

श्री स्वामिनारायण मंदिर
વડતાલ ધામ
॥ वृत्तालये स भगवान् जयतिह साक्षात् ॥


Web Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vadtaldhamvikas@gmail.com**


## Subscription

(india)

| | | |
|---|---|---|
| 5 Year | ₹. | 250/- |
| 20 Year- | ₹. | 500/ |

For Other Countries

| | | |
|---|---|---|
| (airmail) | ₹. | 6750/- |


**Year - 8**
**Volume - 7**
**July - 2017**




॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


૧. **શ્રીહરિની જન્માષ્ટમી લીલા**
સંપાદક :- પ્રો.હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર, સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ ૪

૨. **સત્સંગ સમાચાર** ૨૫

૩. **શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિક દેવોના થાળ તથા સંતોની રસોઈની યાદી એપ્રિલ-મે - ૨૦૧૭** ૩૦

૪. **વડતાલ સંસ્થાન દ્વારા ચાલતા ફરતા દવાખાનાની વિગત મે -જૂન ૨૦૧૭** ૩૦

૫. **વિશેષ જાહેરાતો** ૩૧

૬. **સંપ્રદાયના આગામી કાર્યક્રમો** ૩૪



**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shri Nandkishordasji Swami **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone:** (0268)2589728,776

# શ્રીહરિની જન્માષ્ટમી લીલા

સંપાદક :- પ્રો.હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર,
સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ

### લોજમાં જન્માષ્ટમીના સમૈયામાં શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન

- માંગરોળના **જન્માષ્ટમી**ના સમૈયામાં પણ શ્રીકૃષ્ણ સ્વરૂપ દર્શન
- અગતરાઈમાં પર્વતભાઈને ત્યાં જન્માષ્ટમી ઉજવી
- સરધારમાં **જન્માષ્ટમી** સમૈયાની લીલા
- વડતાલમાં **જન્માષ્ટમી** લીલા
- કરજીસણમાં **જન્માષ્ટમી** ઉત્સવ
- ગઢપુરમા ૧૫ વખત **જન્માષ્ટમી**ની ઉજવણી
- મેઘપુરમાં **જન્માષ્ટમી** ઉત્સવ
- પ્રેમાનંદ સ્વામીએ ગાઈ **જન્માષ્ટમી** લીલા

શ્રી વાસુદેવચરણ સ્વામી (ગુમાનજી પાર્ષદ) એ તેમના ગ્રંથ 'હરિ ચરિત્ર ચિંતામણિ' માં શ્રીહરિએ કેટલાં ગામોએ **જન્માષ્ટમી** ઉત્સવ ઉજવ્યા તે ગાયું છે:
પ્રથમ **જન્માષ્ટમી** લોજમાઈ, મુક્તાનંદજી મહારાજે કરી ત્યાંઈ ;

બીજી અષ્ટમી પીપલાણે પ્રમાણો,
ત્રીજી કાલવાણીમાં તે જાણો...૨૪
ચોથી અષ્ટમી માંગરોળ શે'રે,
પાંચમી અષ્ટમી ભૂજ નગરે,
છઠ્ઠી અષ્ટમી માણાવદ્રમાઈ,
કરી અષ્ટમી અગત્રાઈ જાઈ....૨૫
કરી અષ્ટમી કરિયાણે ગામ,
કરી અષ્ટમી સરધાર સુખધામ;
કરી અષ્ટમી વડતાલ વા'લે,
એક કરજીયાણ કરી ધર્મલાલે....૨૬
એક અષ્ટમી સારંગપુર,
જાણો બહુ કરી ગઢડે જરૂર;
(કિરણ ૧૪,૨૪-૨૭)

વાસુદેવચરણ સ્વામીએ અહીં ગાયા મુજબ, લોજ,પીપલાણા, કાલવાણી, માંગરોળ, ભૂજ, માણાવદર, અગતરાઈ, કરિયાણા, સરધાર, વડતાલ, કરજીસણ, સારંગપુર અને ગઢડા ખાતે શ્રીહરિએ જન્માષ્ટમી મહોત્સવ ઉજવેલા. સ્વામીના લખ્યા મુજબ તો, ગઢડા ખાતે **જન્માષ્ટમી**ની ઉજવણી 'બહુ કરી'.



### લોજમાં જન્માષ્ટમીના સમૈયામાં શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન

વન વિચરણ દરમિયાન નીલકંઠ વર્ણી લોજ ખાતે રામાનંદ સ્વામીના આશ્રમમાં મુક્તાનંદ સ્વામીના સાનિધ્યમાં રોકાયા હતા ત્યારે **જન્માષ્ટમી**નો ઉત્સવ આવ્યો. આ ઉત્સવ ઉજવવા ગામોગામના સત્સંગીઓ દર્શને આવ્યા. **જન્માષ્ટમી** ઉજવવા મંદિરને બારણે તોરણ બાંધવામાં આવ્યાં. **જન્માષ્ટમી**એ ચાકળા તથા ચંદરવા બાંધ્યા, કેળના સ્તંભ રોપ્યા ને સૌ ઉત્સવમય બન્યા. **જન્માષ્ટમી** પર્વ અંગેનાં કીર્તનો સૌએ રાત્રીના બાર વાગ્યા સુધી ગાયાં. જેવો ચન્દ્રમા ઉગ્યો, તેનો પ્રકાશ દેખાયો, તેવા લાલજીને પારણામાં પધરાવ્યા અને આરતી કરવામાં આવી.

પારણામાં લાલજી ઝૂલતા હતા ત્યારે શ્રી નીલકંઠ વર્ણીએ દેખાડ્યું કે, સૌને પારણામાં લાલજીના સ્થાને પોતે દર્શન આપ્યાં. જન્માષ્ટમી ઉજવવા આવેલ સૌ હરિભક્તો આશ્ચર્યમાં પડી ગયા. પારણામાં ઝૂલતા લાલજીના સ્થાને સૌને નીલકંઠ વર્ણીનાં દર્શન થયાં. આશ્ચર્ય તો સહુને એ વાતનું થયું

કે, નીલકંઠ વર્ણી તો સભામાં બિરાજમાન હતા. નીલકંઠ વર્ણીના આ ઐશ્વર્યને જોઈ, હરિભક્તોને થયું કે, 'આ બ્રહ્મચારી કોઈ ઈશ્વર અવતાર છે.' (આધાર - 'શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ', ભા-૧, વા-૮૪)

## માંગરોળના જન્માષ્ટમી સમૈયામાં પણ શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન

એક સમે શ્રીજી મહારાજ માંગરોળમાં બિરાજમાન હતા. વર્ષ હતું સં.૧૮૬૦ નું ગામના નવાબ તથા હરિભક્તોની લાગણી સ્વીકારી, **જન્માષ્ટમી**ના સમૈયા પર પધારવા દેશદેશના હરિજનો તથા સંતોને બોલાવ્યા; તેથી સર્વે આવ્યા. ઉત્સવ પર પધારેલ સૌ માટે શ્રીજી મહારાજે યથાયોગ્ય ઉતારા કરાવ્યા. સાધુ ઝાંઝ- મૃદંગ લઈને ઉત્સવ કરવા માંડ્યા. તે વખતે નાના પ્રકારનાં વાજિત્ર વાગતાં હતાં ને સર્વે સંત - હરિજન દર્શન કરતા હતા.

તે વખતે શ્રીજી મહારાજે સર્વેને શ્રીકૃષ્ણ રૂપે દર્શન આપ્યાં. એમણે પીતાબંર વસ્ત્ર પહેર્યા હતાં, માથે નંગ જડિત મુગટ ધારણ કરેલો, બે હાથને વિશે સોનાનાં કડાં, પગને વિશે ઝાંઝર ને બે ભુજાઓમાં બાજુબંધ ધારી રહ્યા હતા ને અધર ઉપર મોરલી શોભી રહી હતી. તેવી શોભાએ યુક્ત શ્રીકૃષ્ણનાં - શ્રીહરિનાં દર્શન કરીને સર્વે જન બહુ આશ્ચર્ય પામ્યાં. ઉત્સવ કરતા અર્ધી રાત્રી થઈ ત્યારે લાલજીની આરતી ઉતારી અને પંજરી તથા પંચામૃત ધરાવીને સર્વેને પ્રસાદી વહેંચી આપી. (આધાર શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ, ભા-૧, વાત - ૧૦૬)

## અગતરાઈમાં પર્વતભાઈને ત્યાં જન્માષ્ટમી ઉજવી

એક સમે શ્રીજી મહારાજે અગતરાઈમાં **જન્માષ્ટમી**નો મહોત્સવ ઉજવ્યો.

**જન્માષ્ટમી**ને દિવસે શ્રીજી મહારાજે સાધુ પાસે ઝાંઝ-પખવાજ વગડાવીને કીર્તન ગવરાવ્યાં. પછી પોતે મંચ પર બેઠા. શ્રીજી મહારાજે ગુલાલના ટોપલા મંગાવ્યા. પોતે જ ગુલાલ સૌ ઉપર નાંખી કૃષ્ણ જન્મનાં વધામણાં કર્યા. ગુલાલથી જમીન તથા આકાશ બધું લાલ લાલ થઈ ગયું. જમીન પર તો ગુલાલનો એક થર બાજી ગયો. એ પ્રમાણે શ્રીજી



મહારાજે ગુલાલ ઉડાડીને જયજયકાર કરી દીધો.

પછી રાત્રીએ પણ ઉત્સવ કર્યો ને અર્ધી રાત્રી થઈ ત્યારે સારું પારણું કર્યું હતું તેમાં લાલજીને પધરાવીને આરતી ઉતારી ને પંજરી તથા ખાંડ અને કેસર નાંખેલું દહીં, જે પંચામૃત તે લાલજીને ધરાવ્યું. પછી સહુ સંત હરિજનને પ્રસાદી વહેંચી આપી.

પછી બીજે દિવસે સવારે પર્વતભાઈને ઘેર નિત્યવિધિ કરીને પારણાં કર્યા ને સંત હરિજન સર્વેને જમાડ્યાં. (આધાર - 'શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ', ભા-૧, વાત - ૧૫૦)

પ્રસાદાનંદ સ્વામીના લખ્યા મુજબ, વિ.સં.૧૮૫૯ (ઈ.સ.૧૮૦૩) માં **જન્માષ્ટમી**નો ઉત્સવ શ્રીહરિએ અગતરાઈમાં ઉજવેલ. એમણે લખ્યું છે, અને મહારાજને ભારે ભારે વસ્ત્ર તથા ઘરેણાં પહેરાવ્યાં અને મહારાજ ઘોડે અસવાર થયા ને આગળ હજારો હરિજન તથા સાધુ ઝાંઝ - મૃદંગ લઈને ઉત્સવ કરતા ચાલ્યા આવે, અને મહારાજના હાથમાં તરવાર તથા નાળિયેર ધારણ કરાવ્યાં હતાં અને ફૂલના હારતોરા, ગુચ્છ, કલગી તેને ધારણ કર્યા હતાં. અને ગામમાં ઘરોઘર ફુલેકું ફર્યા. અને ગામની બહાર વડ છે ત્યાં હિંડોળો બાંધ્યો ને ત્યાં મહારાજ બિરાજેલા ને સર્વેને દર્શન દીધાં. અને તુલસીનો વિવાહ કર્યો અને બ્રાહ્મણના છોકરાને જનોઈ દીધી. એવી રીતે ઉત્સવ કર્યો. (શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત, પ્રસાદાનંદ સ્વામી, પૂર્વાર્ધ, વિશ્રામ - ૧૦, પૃ-૬૯, કુંડળ)

## કરિયાણામાં જન્માષ્ટમી

સં.૧૮૬૬ (ઈ.સ.૧૮૧૦) માં શ્રીહરિએ કરિયાણામાં **જન્માષ્ટમી**નો ઉત્સવ કર્યો. તે સમયે બદ્રિકાશ્રમમાંથી સંતદાસજી શ્રીહરિને મળવા આવેલા.



## સરધારમાં જન્માષ્ટમી સમૈયાની લીલા

સં.૧૮૬૪માં એક વાર શ્રીજી મહારાજ સરધારમાં બિરાજમાન હતા. દરબાર તોંગાજી તથા દરબાર વેરીભાઈના આગ્રહથી ત્યાં ચાતુર્માસ રોકાયા. અહીં, શ્રીજી મહારાજે રથયાત્રા તથા દેવપોઢણી એકાદશીના ઉત્સવ ઉજવ્યા. **જન્માષ્ટમી**ના સમૈયા નિમિત્તે હરિભક્તોની વિનંતી થકી શ્રીજીમહારાજે સૌન તેડાવ્યાં. તેથી સાતમના રોજ હજારો સત્સંગી આવ્યા. કારિયાણીથી દેહા ખાચર તથા મીણબાઈ પણ આવ્યાં. પાંચસો પરમહંસો પણ આવ્યા. ગામના હરિભક્તોએ સૌના યથાયોગ્ય ઉતારા કરાવ્યા.

આઠમને દિવસે સવારે શ્રીજી મહારાજ સંઘ સહિત તળાવે નાવા પધાર્યા. સંતો ગાય, વિવિધ વાજાં વાગે, હરિભક્તો સૂર પૂરાવે ને વચમાં ચાલે શ્રીહરિ. અદભૂત શોભા સર્જાઈ. મુકુંદાનંદ વર્ણી શ્રીજી મહારાજ પર ચામર ઢોળતા હતા. છડીદાર ઉંચે સ્વરે છડી પોકારતા હતા. સહુ શ્રીજી મહારાજની મૂર્તિને અંતરમાં ઉતારતા હતા. તળાવે સૌ આવ્યા. તળાવ જળ જોઈ શ્રીજી મહારાજ બહુ રાજી થયા.

શ્રીજી મહારાજ તળાવમાં નહાવા પધાર્યા, ત્યારબાદ સંત હરિજન પણ તળાવમાં નહાવા ગયા. શ્રીજી મહારાજ જળના ખોબા ભરી સંતો-હરિભક્તો પર નાખવા લાગ્યા. શ્રીજી મહારાજે કહ્યું, રામાનંદ સ્વામી આ તળાવમાં ઘણી વાર નાહ્યા છે. તેથી આ તળાવ મોટા તીર્થરુપ છે. ને આ તળાવમાં જે પ્રાણી જળજંતુના દેહ પામશે તેનાં પુણ્ય ઘણાં જાણવાં ને આ તળાવનું જે પાણી પીશે તેનો મોક્ષ થાશે'.

શ્રીજી મહારાજ આવી વાતો કરતા હતા તેવામાં એક આશ્ચર્ય થયું. તળાવમાં જે માછલાં તથા કાચબા હતા તે સર્વેને સમાધિ થઈ. તેથી પાણી ઉપર ચત્તાપાટ તરવા લાગ્યાં. જરા પણ હાલે ચાલે નહિ ને સ્થિર થઈ ગયાં. એથી હરિભક્તોએ પૂછયું, 'હે મહારાજ! આ માછલાં તથા કાચબાને શું થઈ ગયું છે?' મહારાજે કહ્યું, 'સમાધિ થઈ ગઈ છે'. મુક્તાનંદ સ્વામી કહે, 'હે મહારાજ! બગલાં, સમળા ને સીચાણા આકાશમાં ઉડે છે, માટે તેને જગાડો એટલે જળમાં પેસી જાય. નહીંતર તેમને ઉપાડી જશે.' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, 'હું જેની રક્ષામાં છું તેને લેનાર કોણ છે? ને સહુની દોરી તો મારા હાથમાં છે. વળી જગતમાં જે જે થાય છે તે તો મારી પ્રેરણાથી થાય છે.' એટલે મુક્તાનંદ સ્વામી બોલ્યા, 'હા મહારાજ! તમે ઠીક કહો છો.' પછી મહારાજે મચ્છ સામે જોયું. ત્યાં તો તે સર્વે જાગૃત થઈને જળમાં પેસી ગયાં. એવું ઐશ્વર્ય જોઈ સહુ સંત-હરિભક્ત આશ્ચર્ય પામી ગયા.

પછી ગાતા ગાતા ઉતારે આવ્યા. ને ત્યાં સભા સજીને બિરાજમાન થયા. તે સમે ગામમાંથી કેટલાક મતવાદીઓ આવ્યા, તેમાં કોઈ વામમાર્ગના તો કોઈ વેદાંતીઓ હતા. તેમના મનની ભ્રાંતિ શ્રીજી મહારાજે ભાગી નાખી એ સહુને જીતી લીધા.

પછી કૃષ્ણજન્મને સમયે સૌ ઉત્સવ કરવા લાગ્યા. શ્રીજી મહારાજે સહુને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન દીધાં. પછી પારણામાં લાલજીને પધરાવીને પંજરી તથા પંચામૃત ધરીને આરતી ઉતારી ને સૌને પ્રસાદ વહેચ્યો. (આધાર- 'શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ', ભા-૧, વા-૨૭૯)

## વડતાલમાં જન્માષ્ટમી લીલા

એક સમે **જન્માષ્ટમી** કરવા શ્રીજી મહારાજ વડતાલ પધાર્યા. જોબન પગીના ઘરે ઉતારો કર્યો. જોબન પગીનું ફળિયું વિશાળ હતું. ફળિયામાં ઢોલિયો ઢાળી દીધો. શ્રીહરિ તેના પર બિરાજમાન થયા.

શ્રીજી મહારાજ ઉત્તરાભિમુખ બિરાજમાન હતા. પોયણાના હાર ધારણ કર્યા હતા. માધવદાસજી સ્વામી આવી, પાય લાગી સન્મુખ બેઠા. પ્રસન્ન થયેલા શ્રીહરિએ હાર હાથમાં લઈ નાખ્યો તે સીધો માધવદાસ સ્વામીના ગળામાં પડ્યો. આરતીની વેળા થઈ એટલે સંત અને હરિભક્ત સૌએ સાથે મળી ધૂન કરી.

શ્રીજી મહારાજ પ્રસન્ન હતા. પોતાની સન્મુખ બિરાજમાન બ્રહ્માનંદ સ્વામીને પાઘ અને પોયણાના હાર આપ્યા અને મુક્તાનંદજી સ્વામીના માથે કેવડાની ટોપી મૂકી. શ્રીહરિએ ઘણીવાર વાતુ કરી અને ઘણાં કીર્તન ગવડાવ્યાં. એ સમયે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને તેઓએ રચેલાં કીર્તન ગાવા જણાવ્યું.

પછી આરતીની થઈ વેળા,<br>
ધૂન કરે હરિ સંત ભેળા;<br>
બ્રહ્માનંદ સ્વામીને તે વાર,<br>
દીધી પાઘ પોયણાનાં હાર....૭<br>
કેવડાની ટોપી લીધી હાથે,<br>
મેલી મુક્તાનંદજીને માથે;<br>
વાલે વાતુ કરી ઘણી વાર,<br>
કીર્તન ગવરાવ્યાં તે સાર....૮<br>
વળી બોલ્યા તે અંતરજામી,<br>
સાંભળો હે બ્રહ્માનંદ સ્વામી ....૧૨<br>
તમે કીર્તન કર્યા હોય જેહ,<br>
ગાઓ ઉભા થઈને તેહ...<br>
મુક્તાનંદ સ્વામીને કહે માવ,<br>
બોલો તમારી કરેલી કાવ્ય....૧૩<br>
ઉભા થઈ બેઉ જણા હારે,<br>
બોલ્યાં કીર્તન રૂડાં તે વારે;<br>
પાટ ઉપર ઉભા થયા નાથ,<br>
તાળી પાડે હરિ બેઉ હાથ....૧૪



બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞા મુજબ બેયે સાથે ઉભા થઈ સાથે કીર્તન ગાયાં. એ બે સંતો જ્યારે સાથે કીર્તન ગાતા હતા ત્યારે શ્રીજી મહારાજ પણ પાટ ઉપર ઉભા થઈ ગયા અને બેઉ હાથે તાળી પાળી કીર્તન ઝીલવા લાગ્યા. શ્રીહરિને ગાતા જોઈ, ઉપસ્થિત સૌ મુનિતણા મન લોભાઈ ગયાં. અન્યને પણ ગાવા કહ્યું. 'ગોવિંદને ગાવણાં ભાળ્યાં.' ને 'ગાતાં ગાતાં અરધી રાત થઈ ગઈ.'

બીજે દિવસે સવારે શ્રીજી મહારાજ, શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈ, ઘોડે સવાર થઈ વ્રતપુરીની બહાર આવ્યા. જ્યાં આંબલો હતો ત્યાં પહોચ્યા; આંબલાની પાસે રાયણ રૂપાળી હતી. સર્વે દર્શન કરે તે હેતુથી, શ્રીહરિએ ત્યાં ઘણો સમય ઘોડી રમાડી. પરસેવે રેબઝેબ થયેલ વનમાળીની મૂર્તિ સુખદાતા હતી.

એ રાતે જોબન પગીના ફળિયાના ઉગમણે બાર શ્રીજી મહારાજ બિરાજમાન થયા. સંતો કીર્તન ગાન કરવા લાગ્યા. એમ કરતાં ઘણી રાત થઈ ગઈ. સાધુ થોડા જ ઉપસ્થિત હતા. જાગરણનો નિયમ હતો છતાં સંતો ધર્મશાળામાં જઈ સૂઈ ગયેલાં. આવું કેમ થયું તેની પૃચ્છા શ્રીહરિએ કરી. બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજની નારાજગી દૂર કરવા સૂચન કર્યું, 'હે મહારાજ! હાજર છે તેને આપ મળો એટલે ગેરહાજર સૌ સવારે દુઃખી થશે.' શ્રીજી મહારાજ બ્રહ્માનંદ



સ્વામીની વાત મુજબ, ઉપસ્થિત સૌને હેતથી મળ્યા.

**જન્માષ્ટમી**ના જ સમૈયા દરમિયાન એક દિવસ શ્રીજી મહારાજે લીલા કરી. વહેલી સવારે જ અંતર્ધાન થઈ ગયા. સાથે મુકુંદ બ્રહ્મચારીને જ લીધાં. જેમ જેમ બધાને શ્રીજી મહારાજના અંતર્ધાન થવાની ખબર પડી તેમ તેમ સહુ શોધખોળ કરવા લાગ્યા. ચારબાજુ બધાએ ઘોડા દોડાવ્યા. સોમલા ખાચર તો એકએકને પૂછી વળ્યા. જેમ જેમ સમય થતો ગયો, તેમ તેમ સૌ સંત ભક્ત તો હતાશ - નિરાશ થવા માંડ્યા. પોતાને મેલી ગયાની ભાવના થકી સોમલા ખાચર સહિત અનેકના આંખમાં આંસુ આવી ગયાં. મુક્તાનંદ સ્વામી અને ભાઈ રામદાસ સૌને શાંત્વન આપતા હતા. સૌ પાસે કીર્તન ગવરાવે, ધૂન કરાવે ને આરતી કરાવે. એ જ સમયે મંદ મંદ હસતા શ્રીજી મહારાજ પધાર્યા ને જોબન પગીના મેડે જઈ બેઠા. એમનાં દર્શન કરી સૌ નરનારી પ્રસન્ન થયાં.

વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્ર ચિંતામણિ' કિરણ - ૫૮માં વડતાલ ખાતે ઉજવાયેલ જન્માષ્ટમી સમૈયાની લીલાઓ વર્ણવી છે, તેનો સારાંશ ઉપર આપ્યો છે. કિરણ ૫૯માં પણ તેમણે વડતાલની **જન્માષ્ટમી** વર્ણવી છે.

વડતાલના **જન્માષ્ટમી** સમૈયાનું વર્ણન કરતાં વાસુદેવચરણદાસજી સ્વામી લખે છે:

ત્યાં તો આવી **જન્માષ્ટમી**, બાંધ્યો હિંડોળો આંબલી;
ઓપે આથમણી ડાળ અતિ, ત્યાં બેઠા વા'લમ વળી.....૧
હરિ હિંડોળે હીંચતા, શોભે શ્રી સહજાનંદ;
મૂર્તિ મનોહર માવની, કેવળ કરુણાનંદ.....૨

વડતાલ ખાતે **જન્માષ્ટમી** ઉત્સવમાં હિંડોળે ઝૂલતા શ્રીહરિની પંચરંગી શોભાનું વાસુદેવચરણદાસજી સ્વામીએ કરેલ વર્ણન એવું તો હૃદયસ્પર્શી કરાયું છે કે આપણને એમ જ લાગે કે, આજે પણ શ્રીહરિ એક આંબલીની ડાળે ઝૂલી રહ્યા છે ને આપણે સૌ મનભરી એમને માણી રહ્યા છીએ. શ્રીહરિનું આ વર્ણન સ્વામિનારાયણ સાહિત્યની એક કલગી સમાન છે. આવો, પ્રથમ તે માણીનેઃ

લાલ કરે ત્યાં બહુ લીલા,
બાંધ્યા હિંડોળે પીતાંબર પીળાં;
લાલ દીસે ઢોલીડો સારો,
લાલ ગાદીએ ધર્મદુલારો....૦૩
લાલ સુરવાળમાં હીર નાડી,
તેને નીરખીએ દાડી દાડી;
લાલ પાઘ તે શોભે અપાર,
લાલ છોગલું વટકે સાર....૦૪
લાલ ફૂલડાં શોભે છે માથે,
લાલ છડી છે લાલને હાથે;
લાલ શેલું કેડયે કાજુ કૈયે,
લાલ રેંટો ખભે જોઈ રૈયે....૦૫
લાલ પીતાંબર બાંધ્યું ડાળે,
લાલ ફૂલડાં શોભે હિંડોળે;
લાલ શોભા હરિની જોઈ,
રાખી મૂર્તિ અંતરમાં પ્રોઈ....૦૬

લાલ ઢોલીયો, લાલ ગાદી, લાલ સુરવાળ, લાલ પાઘ, લાલ છોગલું, લાલ ફૂલડાં, લાલ છડી, લાલ શેલું, લાલ રેંટો, લાલ પીતાંબરમાં શોભતા શ્રીહરિની મૂર્તિ અંતરમાં પરોવાઈ - પ્રોઈ ગઈ.

પીળાં પીતાંબર હિંડોળે સાર.
પીળે તકિયે ફુમતાની હાર;
પીળી ચંદનની શોભે આડ્ય,
નીરખું વાલાને રાખી આડ્ય...૦૭
પીળા લીંબુ હિંડોળે લે'કે,
પીળાં કેવડાનાં તોરણ બે'કે;
પીળી રેશમ રાખડિયું સાર,
પીળા પે'ર્યા હજારીના હાર....૦૮
પીળા પવિત્રાં શોભે છે ભારી,
પીળાં કડાં વેઢ સુખકારી;
પીળાં સોનેરી અંબર ઓપે,

વા'લો શોભે તે પીળે સ્વરૂપે ...૦૯

હિંડોળામાં પીળી વસ્તુઓની ભરમાર છે. પીળો તકિયો, પીળા લીંબુ, પીળા કેવડાનાં તોરણ, પીળી રેશમની રાખડિયું, પીળા હજારીના હાર, પીળાં પવિત્રાં, પીળાં કડાં, પીળાં સોનેરી વસ્ત્ર (અંબર) થી સજાવાયેલ હિંડોળામાં પીળા પીતાંબર શ્રીહરિએ ધારણ કર્યા છે.

લીલી શોભા તે વા'લમ કેરી,
રૂડા દીસે લેરખડો લે'રી;
લીલી શોભે તો વેલી,
ચહુકોરે આવીને ઝૂકેલી....૧૦
લીલી હીંસે આંબલીની ડાળ,
બહુ ફૂલે છે દીનદયાળ;
લીલી ઘૂઘરમાળો ઘમઘમે,
હીંચે જોરે આંબલી નમે....૧૧
નીલાં ઘંટ તણા નાદ થાય,
ચારેકોર હરિજન ગાય;
લીલી કાકડી પ્રભુ પાસે આવે,
લીલાં વનફૂળ હિંડોળ લાવે ....૧૨
લીલાં પીતાંબરે અત્તર બે'કે,
લીલાં તોરણ હિંડોળે લેકે;
લીલાં શોભે વે વૃક્ષને વેલી,
મારે વા'લે વાળી રંગરેલી....૧૩

ચારેબાજુ ઝુકેલી લીલી વનવેલી, લીલી આંબલીની ડાળ, લીલી ઘૂઘરમાળ, નીલા ઘંટના નાદ, લીલી કાકડી, લીલા વનફળ, લીલાં તોરણ, લીલાં વૃક્ષ ને લીલી વેલથી તો 'મારે વા'લે વાળી રંગરેલી'.

હવે શ્વેત શોભા વિચારુ,
વેલ છબીલો ઉરમાં ધારુ;
ધોળી એજ સારી સ્વામી તણી,
ધોળી પછેડી શોભે છે ઘણી....૧૫
ધોળા હાથે બાંધ્યાં છે બાજુ,
ધોળાં કુંડળ કાનમાં કાજુ;
ધોળા કોટે ફૂલના હાર,
છાતી ઉત્તંગ શોભે ઉદાર....૧૬
ધોળા પાઘે બિરાજે તોરા,
સુંદર શોભે સ્વામી વાને ગોરા;



ધોળાં બાંધ્યા હિંડોળે ફૂલ,
ઝળકે હિંડોળે તકતા અમૂલ...૧૭
ધોળા વેઢમાં હીરા ઝગે,
ધોળા તોડા પે'ર્યા બેઉ પગે;
ધોળાં દોર ઝાલ્યાં બે હાથે,
ધોળાં છોગલાં લટકે છે માથે....૧૮
ધોળાં હિંડોળે જાળિયાં ઝળકે,
ધોળાં લીંબુ ચહુ કોરે બળકે;
ધોળાં હાથે લીધો રુમાલ,
જોતા મૂર્તિ વાધે બહુ વા'લ....૧૯
ધોળાં તરણ તે ફૂલ તણાં,
શોભે હિંડોળે તે ઘણાં ઘણાં;
ધોળી શોભા કરતા જગવંદ,
સુખકારી સ્વામી સહજાનંદ....૨૦

હિંડોળામાં વિધવિધ ધોળી વસ્તુઓ, અલંકારો, આભૂષણો, પોશાકમાં સજ્જ શ્રીહરિની 'મૂર્તિ જોતાં વાધે બહુ વા'લ'.

તોનો વારમવાર વિચારી,
જોઈ તરે ભવ નરનારી;
શ્યામ શોભા હરિની કઈએ,
ધારી અંતરે ને સુખ લઈએ....૨૧
શ્યામ મેઘ થયો પ્રફુલ્લે,
લટકાં કરતાં હરિવર ઝૂલે;
શ્યામ ઘટા મેઘની થાય,
વારે વારે જુએ હરિરાય.....૨૨
શ્યામ છતરી માથે બિરાજે,
તેમાં ફરતી ઘૂઘરિયું ગાજે;
શ્યામ ઢાલ ધરી મેઘ સારું,
હરિનું રૂપ જોતાં લાગે પ્યારું.....૨૩
શ્યામ રેંટો ખભે સુખકારી,



મૂર્તિ હૈયામાં રાખી ધારી;
શ્યામ ઘટામાં વીજળી થાય,
જોઈ હસે પુરુષોત્તમરાય.....૨૪
ગાજે મેઘ બોલે બહુ મોર,
જુવે વા'લોજી તે ચારેકોર;
શ્યામ નેણે તે નજર કરી,
હસે સંત સામું જોઈ હરિ....૨૫
પંચરંગી શોભા વા'લે કરી,
તેને નીરખી મેં નેણાં ભરી;

વાસુદેવચરણદાસજી સ્વામી કહે છે, શ્રીજી મહારાજે આ પંચરંગી શોભા કરી તેને તેમણે 'નેણાં ભરીને નીરખી'.

વાસુદેવચરણદાસજી સ્વામી પણ નોંધે છે કે, શ્રીહરિની કૃપાથી તે દિવસે સંત અને હરિભક્ત પણ શોભતા હતા. તેમણે વર્ણવ્યું છેઃ

સંતની કોટમાં ફૂલહાર,
ફૂલ્યો ફૂલે આવળો સાર....૨૬
ફૂલહારે હરિજન શોભે, ફળ, ફૂલ જોતાં મન લોભે;
ફૂલહાર પે'રી સંત ગાતા, જોયા હરિફૂલમાં ફૂલાતા....૨૭
**જન્માષ્ટમી**નાં દર્શન દીધાં, પ્રાણજીવને પોઢણ કીધાં
(હરિચરિત્ર ચિંતામણિ, કિરણ ૫૯)

## સારંગપુરમાં જન્માષ્ટમી

સં.૧૮૭૭માં શ્રીજી મહારાજે સારંગપુરમાં **જન્માષ્ટમી**નો ઉત્સવ કર્યો. તે દિવસે શ્રીજી મહારાજે સારંગપુરનું ચોથું વચનામૃત સંભળાવેલ.

## કરજીસણમાં જન્માષ્ટમી ઉત્સવ

શ્રીજી મહારાજ કરજીસણમાં બિરજમાન હતા. ત્યાંના હરિભક્ત નાનાભાઈએ એક દિવસે સવારે હાથ જોડીને શ્રીજી મહારાજને પ્રાર્થના કરી, 'હે મહારાજ! આજ **જન્માષ્ટમી**નો ઉત્સવ છે. તે આપ રજા આપો તો વડે હિંડોળો બાંધીએ.' શ્રીજી મહારાજે સંમતિ આપી એટલે નિષ્કુળાનંદ સ્વામી તથા જેરામ બ્રહ્મચારીએ હિંડોળો બાંધીને શણગાર્યો.

પછી મહારાજે ભારે સુવર્ણમય વસ્ત્રો પહેર્યા; એક ભારે રેંટો માથે બાંધ્યો, એવી શોભાયુક્ત મહારાજ આવીને હિંડોળા ઉપર બિરાજમાન થયા.

તે સમયે મુક્ત તથા દેવતા મહારાજની સ્તુતિ કરવા લાગ્યા. ને પુષ્પ ચંદનની વૃષ્ટિ થતી હતી. અને જે ગૃહસ્થ હરિજન હતા તે મહારાજનાં ચરણનો સ્પર્શ કરી કરીને ભેટ મૂકતા હતા અને ત્યાગી જે પરમહંસ, સંન્યાસીને બ્રહ્મચારી તે સર્વે પુષ્પના હાર, ગજરા, તોરા ગુચ્છ, પુષ્પની કલગીએ આદિ આભુષણ તથા ચંદને કરીને મહારાજની પૂજા કરતા હતા. પછી સર્વે સંત મહારાજના ચરણને ચર્ચીને છાતીમાં લેતા હતાં. પછી ગાજતે વાજતે ગામમાં પધાર્યા અને ફરાળ કરીને પાછા ગામ બહાર આવ્યા ને હિંડોળા ઉપર બિરાજમાન થયા. અને સર્વે સભા શોભી રહી.

પછી મહારાજ હિંડોળા ઉપર ઉભા થઈને ઝૂલે છે ને રેશમની દોરી હાથમાં લઈ મુક્તાનંદ સ્વામી ઝુલાવે છે. અને ચારેકોર હરિજન જયજયકાર કરી રહ્યા છે. પછી તે સમયે આરતી પ્રગટાવીને લાવ્યા ને આનંદાનંદ સ્વામીએ આરતી ઉતારી. આરતી બાદ દેશદેશના હરિભક્ત આવીને ભેટ મેલતા હતા.

પછી મહારાજ કહે, 'બોલો કીર્તન'. એટલે સંત કીર્તન બોલ્યા જે - 'હે સખી આજ મોહન દીઠા રે, શેરીએ આવતા રે.' એ કીર્તન તાળી વજાડીને બોલ્યા. પછી મહારાજ ગામમાં પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢી ગયા.

(આધાર - 'શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત', પ્રસાદાનંદ સ્વામી, પૂર્વાર્ધ, વિશ્રામ ૨૦, પુ.૧૯૩-૯૪)

## ગઢડામાં ૧૫ વખત જન્માષ્ટમી ઉજવણી

એમ કહેવાય છે કે, ગઢપુરમાં શ્રીહરિ ૫૨૩૮ દિવસ રહ્યા અને સનાતન ધર્મના ૧૫૦થી વધુ તહેવારો ઉજવ્યા. **જન્માષ્ટમી** પણ અનેક વખત ઉજવી. સંવત્ ૧૮૬૨માં સૌ પ્રથમ વખત જન્માષ્ટમી ગઢડા ખાતે ઉજવી અને સંવત્ ૧૮૮૬માં અંતિમ વખત. આમ

ઈ.સ.૧૮૦૬ થી ઈ.સ.૧૮૩૦ દરમિયાન શ્રીહરિએ વિ.સં. ૧૮૬૫ (ઈ.સ.૧૮૦૯), વિ.સં. ૧૮૭૦ (ઈ.સ.૧૮૧૪), વિ.સં. ૧૮૭૩ (ઈ.સ.૧૮૧૭), વિ.સં. ૧૮૭૪ (ઈ.સ.૧૮૧૮),વિ.સં. ૧૮૭૫ (ઈ.સ.૧૮૨૧), વિ.સં. ૧૮૭૮ (ઈ.સ.૧૮૨૨), વિ.સં. ૧૮૮૦ (ઈ.સ.૧૮૨૪), વિ.સં. ૧૮૮૨ (ઈ.સ.૧૮૨૬), વિ.સં. ૧૮૮૩ (ઈ.સ.૧૮૨૭), વિ.સં. ૧૮૮૪ (ઈ.સ.૧૮૨૮), વિ.સં. ૧૮૮૫ (ઈ.સ.૧૮૨૯), થઈ. અન્ય ૧૩ વખત ઉજવેલી. ગઢડા ખાતે કુલ ૧૫ જન્માષ્ટમી ઉત્સવ શ્રીહરિએ ઉજવેલા.

### ગઢપુરમાં જન્માષ્ટમી ઉત્સવ

શ્રીજી મહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા. એ સમયે **જન્માષ્ટમી** ઉત્સવ આવ્યો. ત્યારે ગઢડાને અડખે પડખે જે સંતમંડળ હતાં તેમને તેડાવ્યાં અને શ્રીજી મહારાજ ઉગમણે બાર ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી સંતનાં મંડળ આવીને મહારાજને પગે લાગીને બેઠાં. પછી મહારાજ થાળ જમવા પધાર્યા. જમી, ચળુ કરીને મુખવાસ લીધો. અને પલવટ વાળી ચાખડીને ચડીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ સંતની પંક્તિ થઈ ત્યાં પીરસવા પધાર્યા. તે મોતૈયા લાડવા હાથમાં લઈને તાણ કરતા જાય ને પીરસતા જાય. અને નાનાં પ્રકારનાં શાક, અથાણા, પાપડ, વડાં ને ભજીયાં તે મુળજી બ્રહ્મચારી પીરસતા જાય. પછી દૂધ, સાકર ને ભાત તે પીરસવા માંડ્યું. પછી પીરસીને હાથ ધોઈને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા અને સર્વે સંત જમીને ઉતારે આવ્યા.

પછી મહારાજ જાગ્યા ને ઉભી બજારે ઘોડીએ અસવાર થઈને ખીજડાના આરે નાવા પધાર્યા. ત્યાં વસ્ત્ર ઉતારીને ઉગમણે મુખારવિંદે નાવા બિરાજ્યા. અને બે હાથની આંગળીએ કરીને નાક દબાવીને જળમાં ડૂબકી મારી. પછી બહાર નીકળે ત્યારે પાળાનો હાથ ઝાલીને બહાર નીસરે. અને પહેરેલું જે વસ્ત્ર તેને સાથળ વચ્ચે દબાવીને બે હાથે કરીને નીચોવે ને કોરે વસ્ત્રે શરીર લૂછીને, પછી કોરું વસ્ત્ર તાણીને પહેરે. અને માથે છોગું મેલીને પાઘ બાંધે. વળી



ક્યારેક તો ભ્રકૂટીની ઉપર આંટો લઈને બાંધે અને એક વસ્ત્ર આડસોડે નાખીને મોજડી પહેરીને ચટપટ ચાલે. આજે પણ તેમ કરીને જીવા ખાચરના દરબારમાં પ્રાગજી દવે જ્યાં કથા કરતા હતા ત્યાં આવીને બિરાજ્યા.

પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે મહારાજ દાદા ખાચરના દરબારમાં પધાર્યા અને લીંબડા હેઠે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા. પછી મુક્તાનંદ સ્વામી વાજાં લેવરાવીને મહારાજ પાસે આવ્યા અને પગે લાગીને બેઠા, ત્યારે શ્રીજી મહારાજ કહે, બોલો કીર્તન. પછી ગાનવિદ્યામાં જે ખ્યાલ, ટપા ને હૂમરી તે નવાં નવાં કરીને મહારાજ આગળ ગાયા. પછી મશાલો થઈ ને આરતી, ધૂન ને શ્લોક બોલી રહ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા.

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને ભારે પોષાક પહેરીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને બિરાજમાન થયા. પછી દેશદેશના હરિજન આવવા માંડ્યા, તે આવીને મહારાજને પગે લાગીને ઉતારા કરવા જતા. પછી મહારાજ કહે, 'ફરીને કીર્તન બોલો'. પછી પ્રેમાનંદ સ્વામીએ કીર્તન ઉપાડ્યાં જે, 'નેણામાં નાથજી આવો



રાખું રે, મારા પ્રાણ વારી વારી નાંખું.' પછી તે ગાઈ રહ્યા ત્યારે મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને ઘડીક સુખાળા થયા. પછી શ્વેત પોશાક પહેરીને ઉગમણે ઓરડે આવીને ઢોલિયે બિરાજ્યા. પછી મશાલો થઈને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'હવે ફરીને કીર્તન બોલો.' પછી સંતે ફરીને અરધી રાત લગી કીર્તન ગાયાં. પછી શ્રીકૃષ્ણ જન્મ ઉત્સવ થયો. પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

(આધાર - શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત, પ્રસાદાનંદ સ્વામી, પૂર્વાર્ધ, વિશ્રામ ૪૩, પૃ.૪૫૧ થી ૫૩)

ગઢડા ખાતે ઉજવાયેલ અન્ય એક **જન્માષ્ટમી**નું વર્ણન પ્રસાદાનંદ સ્વામીએ 'શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત'(ઉત્તરાર્ધ, વિશ્રામ ૬૬, પૃ.૭૧૯-૨૦) માં આપ્યું છે. તે મુજબ, પછી **જન્માષ્ટમી**નો ઉત્સવ આવ્યો ને દેશદેશના હરિજનના સંઘ આવવા માંડ્યા. તેના ઉતારા મહારાજ અપાવે ને ખબર પૂછે ને પાટ ઉપર બિરાજે.પછી જે સંઘ આવે તે મહારાજને પગે લાગીને બોલે જે, 'ઉતારા ક્યાં કરીએ?' ત્યારે મહારાજ કહે, 'માનજી કે ભગુજી કોઈ છે? 'ત્યારે તે બોલે જે, 'હા, મહારાજ' ત્યારે ઘેર સાદે કરીને કહે, 'ગુજરાતના સંઘને ઉતારો અપાવો.' પછી હરિભક્તને કહે, 'જાઓ તમને ઉતારો અપાવે.' પછી મશાલો થઈને આરતી ધૂન કરીને પગે લાગીને બેઠા. ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા જે, 'પૂરણી પૂરવી છે તે સર્વે ઉઠજો.' પછી જેમ રામચન્દ્રનું સૈન્ય સમુદ્રની પાળ બાંધવા ચાલે તેમ સર્વે ઉઠ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'કૂવો ખોદાય પછી એમા થઈ પૂરણીને સારુ ખોદો'. પછી દીવા મેલ્યા ને સંત હરિજન ખોદવા માંડ્યા. ને પૂરણી પૂરવા માંડ્યા. પછી મહારાજ કહે, 'હવે રાખો'. પછી મહારાજ ઉતારે પધાર્યા ને સુખપાન કરી પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેર્યા ને ઓરડાની ઓસરીમાં પાટ બિછાવેલી તેના ઉપર બિરાજ્યા. સર્વે સંત મંડળ, બ્રહ્મચારી ને હરિજન પગે લાગીને બેઠા. ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા જે, 'નદીમાં પાણા કાઢ્યા છે તે આજ્ઞા કરો તો એક ફેરો લઈ આવે'. ત્યારે મહારાજ તરત ઉઠ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'કૂવો ખોદાય પછી એમાંથી પૂરણીને સારું ખોદો'. પછી દીવા મેલ્યા ને સંત-હરિજન ખોદવા માંડ્યા ને પૂરણી પૂરવા માંડ્યા. પછી મહારાજ કહે, હવે રાખો. પછી મહારાજ ઉતારે પધાર્યા ને જળપાન કરી પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેર્યા ને ઓરડાની ઓસરીમાં પાટ બિછાવેલો તેના ઉપર બિરાજ્યા. સર્વે સંત મંડળ, બ્રહ્મચારી ને હરિજન પગે લાગીને બેઠા. ત્યોર નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા જે, નદીમાં પાણા કાઢ્યા છે તે આજ્ઞા કરો તો એક ફેરો લઈ આવે. ત્યારે મહારાજ તરત ઉઠ્યા ને ચાલ્યા તે નદીમાં જ્યાં સંતો નાય છે તે આરે આવીને બિરાજ્યા. ને સંતમંડળ, બ્રહ્મચારી, સંન્યાસી, સત્સંગી તે સર્વે પથ્થર લેવા માંડ્યા. તે એક એકના ઉપર બે બે ત્રણ - ત્રણ જણ થઈને પથ્થર ચડાવે ત્યારે મહારાજ ના પાડે ને એમ બોલે જે, 'પોતાની મેળે ચડાવાય એવો લો'.

પછી દિવસે પહોર ચડ્યો ત્યારે દરબારમાં પધાર્યા ને અક્ષરઓરડીએ આવીને વસ્ત્રી ઉતારી, ઢોલિયે બિરાજ્યા. પછી ગંગામા લાડુબા ને મોટીબા ફરાળ લઈને આવ્યાં. ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'ફરાળ કરવા ઉઠો'. ત્યારે મહારાજ કહે, 'ફરાળ નહીં કરીએ'. ત્યારે ગંગામા અને લાડુબા બોલ્યાં જે, '**જન્માષ્ટમી** દિવસે તમારો જન્મ છે કે બીજાનો જન્મ છે? ત્યારે મહારાજ જરા મલક્યા ને ઢોલિયેથી ઉતરીને ફરાળ કરવા બિરાજ્યા. પછી ચળુ કરી

મુખવાસ લીધો ને પોશાક પહેરી, ચાખડીએ ચડીને જ્યાં કારખાનું ચાલતું હતું તે ઠેકાણે આવીને બિરાજ્યા. પછી પૂરણી પુરાવા માંડીને વરસાદ આવવા માંડ્યો. ત્યારે મહારાજ ઉઠ્યા ને આવીને પાટ પર બિરાજ્યા. પછી ગવૈયા સંતો વાજાં લઈને ગાવા લાગ્યા. પછી મશાલો થઈ ને આરતી ધૂન કરીને શ્લોક બોલી પગે લાગીને બેઠા. પછી સંતો ઝીલણીયાં કીર્તન બોલ્યા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારી ઢોલિયે બિરાજ્યા ને પછી પોઢ્યા....

(આધાર : શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત, પ્રસાદાનંદ સ્વામી, ઉત્તરાર્ધ, વિશ્રામ - ૬૬, પૃ.૭૧૯-૨૦)

## ગઢડામાં અન્ય એક જન્માષ્ટમી ઉજવણી

અને વહેલા જાગીને નિત્યવિધિ કરી, ને પોશાક પહેરીને પાટ ઉપર આવીને બિરાજ્યા. ને સંતમંડળ પણ પગે લાગીને બેઠા. પછી ગવૈયા સંતો ઝાંઝ- મૃદંગ લઈને કીર્તન બોલવા લાગ્યા. પછી દેશદેશના હરિજન આવ્યા ને મહારાજના ચરણનો સ્પર્શ કરીને ભેટ મેલીને બેસતા જાય. પછી મહારાજ ઉતારે પધાર્યા તે ગંગામાં ને મોટીબા; એ બેય જણ ફરાળ લાવ્યા.

તે ફરાળ કરીને પાટ ઉપર આવીને ઉતરાદે મુખારવિંદે બિરાજ્યા. સંત, બ્રહ્મચારી ને હરિજન તે મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'ફરીને કીર્તન બોલો'. પછી સંતમંડળ ફરીને કીર્તન બોલ્યા. પછી મહારાજ કહે, 'રાખો'. પછી મશાલો થઈ ને આરતી- ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, 'કરો પ્રશ્ન ઉત્તર'. ત્યારે સંતમંડળ પ્રશ્ન ઉત્તર કરે ત્યારે તેમાં જે મહારાજ શંકા કરે તે કોઈથી ઉત્તર ન થાય. ત્યારે મુખારવિંદ આડો રુમાલ દઈને મંદમંદ હસતા જાય ને બોલે જે, 'અમથી ઉત્તર નહીં થાય' ત્યારે તેના ઉત્તર મહારાજ કરે ને એમ બોલે જે, 'કરો શંકા'. ત્યારે સંતો હાથ જોડીને બોલ્યા જે, 'હે મહારાજ! જરાય શંકા નથી' પછી મહારાજ ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

વહેલા જાગીને નિત્યવિધિ કરીને થાળ જમવા બિરાજ્યા. પછી જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈને સંતમંડળને પીરસવા પધાર્યા. તે ચાખડીએ ચડીને



પલવટ વાળીને પોતાનો જમવાનો જે રૂપાનો કટોરો તે ભરી ભરીને સંતોને દૂધપાક પીરસવા લાગ્યા. તે તાણ કરતા જાય ને પીરસતા જાય. પછી પીરસીને કહે જે, 'જમો' પછી ફરી તાણ કરીને પીરસતા જાય. ને મુકુન્દ બ્રહ્મચારી પણ મહારાજને કેડે વડાં, ભજીયાં, શાક ને પાપડ તે પીરસતા જાય. પછી પાંચ છ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોવડાવ્યા, ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા ને જળપાન કરીને ઓરડાની ઓસરીમાં પાટ ઉપર આવીને બિરાજ્યા. પછી બોલ્યા જે, 'સમૈયા થઈ રહ્યા, તે સર્વ સંતો ચાલી નીસરીને આવો મળીએ. પછી પાટ ઉપરથી ઉતરીને ચાકળા ઉપર ઉભા રહીને મળવા લાગ્યા. તે મળીને પછી પાટ ઉપર બિરાજ્યા. ને મશાલો થઈ ને આરતી-ધૂન કરી શ્લોક બોલીને બેઠા. પછી મહારાજ કહે, 'બોલો કીર્તન' પછી સંતો કીર્તન બોલ્યા, પછી મહારાજ ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને થાળ જમીને ચળુ કરીને ઢોલિયે બિરાજ્યા. ને દેશદેશના હરિજન મહારાજનો ચરણસ્પર્શ કરી, ભેટ મેલીને બોલે જે, 'હે મહારાજ ! હવે ક્યારે દર્શન દેશો? ને આવા ને આવા સદાય હૃદયને વિશે રહેજો.' પછી મહારાજ કહે, 'જાઓ, અમારી આજ્ઞામાં રહીને અમને કામકાજ કરતાં સંભારતા રહેજો'. પછી મહારાજે સભાને રજા આપી ને પોતે પોઢ્યા.

(આધાર - શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત, પ્રસાદાનંદ સ્વામી, ઉત્તરાર્ધ, વિશ્રામ ૭૦, પૃ-૭૭૪-૭૫)

### ગઢડાની જન્માષ્ટમી

અને તે સર્વે સમયે વાડીવાળાએ ફૂલના હાર પહેરાવ્યા. ને દેશદેશના સંઘ પણ આવવા માંડ્યા. તે મહારાજને દંડવત કરીને પગે લાગીને ઉતારો કરવા જાય. ને સંત પણ આવવા માંડ્યા. ને મહારાજ ઢોલિયેથી ઉઠીને મળે. પછી ઉતારે પધાર્યા. ને જળે કરીને ચરણ ધોવરાવ્યા. ને જળના કોગળા કરીને થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને મોજડી પહેરીને ચાલ્યા, તે ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. ને સંત ને બ્રહ્મચારી ને હરિજન તે પગે લાગીને બેઠા. ને મશાલો થઈને ગોપીનાથની આરતીમાં પધાર્યા. ને આરતી ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા.

ને મહારાજ કહે, 'કરો પ્રશ્ન'. ત્યારે સંત પ્રશ્ન કરે ને તેના ઉત્તર મહારાજ કરે ને કહે જે, 'કરો શંકા'. ત્યારે સંત કહે જે, 'જરાય શંકા નથી'. પછી 'જય સ્વામિનારાયણ' કહીને ઉતારે પધાર્યા. ને જળપાન કરીને પોઢ્યા. વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને મોજડી પહેરીને ચાલ્યા તે ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. ને સંત ને બ્રહ્મચારી ને દેશ દેશના સત્સંગી તે પગે લાગીને બેઠા. ને પ્રેમાનંદ સ્વામી ઝાંઝ, મૃદંગ લઈને **જન્માષ્ટમી**નો ઉત્સવ કરવા લાગ્યા. ને બેય વાડીયેથી ફૂલના હાર આવ્યા, તે મહારાજને પહેરાવ્યા.

પછી ઉત્સવ રખાવીને ઉતારે પધાર્યા. ને વસ્ત્ર ઉતારીને ફળાહાર કરવા બિરાજ્યા. ફરાળ કરીને મુક્તાનંદ સ્વામીને શરીરમાં કસર જેવું હતું તે ફરાળ મોકલાવી. ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. ને જળપાન કરીને મોજડી પહેરીને ચાલ્યા. તે ઉગમણા બારની ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. ને સંત ને હરિજન તે પગે લાગીને બેઠા.

એ સૌને નિષ્કુળાનંદ સ્વામી કહે, 'બબ્બે ફેરા ઘેલેથી પાણા લઈ આવો'. ત્યારે મહારાજ કહે, ' ચાલો, અમે પણ આવીએ'. પછી ગામથી ઉગમણી કોર ગયા, ને ઘેલામાં મોટા પાણા ઉપર બિરાજ્યા. ને જે પાણા લેવા માંડ્યા તે દિવસ આથમ્યો ત્યારે મહારાજ ઉઠ્યા, ને પથ્થરની નાની છીપર લીધેલી ને મંદિરમાં પધાર્યા. ને મહારાજને કેડે હજારો સત્સંગી ને સંત ને પાળા તે સર્વેએ પથ્થર માથે લીધેલા ને દરબારમાં આવ્યા. ને મહારાજ ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. ને મશાલ થઈ આરતી ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. ને મહારાજ કહે, 'ફરીને કીર્તન બોલો'. પછી ફરીને કીર્તન ગાવા લાગ્યા. પછી રખાવીને ઉતારે પધાર્યા. ને જળપાન કરીને ઢોલિયે પોઢ્યા.

અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા ને ઓરડાની ઓસરીએ પંક્તિ થયેલી. ને પલવટ વાળીને દૂધપાકના ડંકા ભરીને પીરસતા જાય. ને નાના પ્રકારના શાકને વડાં ને ભજિયાં ને રાયતાં ને પાપડ ને અથાણાં તે સંત પીરસે. પછી જળે કરીને હાથ ધોવડાવ્યા. ને ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢ્યા. ને જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને મોજડી પહેરીને ચાલ્યા, તે મંદિરના ઓટા ઉપર ગાદિતકીયા નંખાવીને દક્ષિણાદે મુખારવિંદે બિરાજ્યા. ને સંત ને બ્રહ્મચારી ને હરિભક્તો તે પગે લાગીને બેઠા. ને સંત ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન ગાવા લાગ્યા. જે, 'મોટા રામપ્રતાપ છે, ને છોટા ઈચ્છારામ રે, વચેટ પ્રેમાનંદનો સ્વામી, કેશવ પૂર્ણકામ પ્રગટ્યા પૂરવમાં'.

પછી ગોપીનાથજીની આરતી થઈ ત્યાં પધાર્યા. તે આરતી - ધૂનને શ્લોક બોલીને પગે લાગીને ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. ને સંતમંડળ પગે લાગીને બેઠા. તે દેશ દેશના જે સત્સંગી આવ્યા હતા તે રજા માંગીને ચાલવા લાગ્યા. પછી મહારાજ ઉતારે પધાર્યા.

(આધાર - શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત, પ્રસાદાનંદ સ્વામી, ઉત્તરાર્ધ, વિશ્રામ ૧૦૮, પૃ.૧૨૯૨-૯૩)

ગુરૂપૂર્ણિમાં પ્રસંગે ગુરૂણાં ગુરૂ આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દર્શનાર્થે પધારેલ ઘુઘવતો માનવ મહેરામણ.





વડતાલ બોર્ડ



વડતાલદેશ



ગઢડાદેશ



જૂનાગઢદેશ



વડતાલ બોર્ડ દ્વારા સન્માન



સમસ્ત સત્સંગ સમાજ દ્વારા સનમાન



યજમાનશ્રી



સ્વાગત નૃત્ય



ગુરૂકુલ પરિવાર

